**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેન્ક**

સંચાર વિભાગ , સેન્ટ્રલ ઓફિસ, એસ.બી.એસ.માર્ગ, મુંબઈ -400001
ફોન: 91 - 22 2266 0502 ફેક્સ: 91 - 22 2266 0358
વેબસાઈટ: www.rbi.org.in
ઈમેઈલ: helpdoc@rbi.org.in

૩૧ જુલાઈ ૨૦૧૭

**બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓ પર લાગુ મુજબ) ની કલમ 35A હેઠળ દિશા નિર્દેશો- ધી સીકેપી કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્ર**

તારીખ ૩૦ એપ્રિલ ૨૦૧૪ નાં આદેશ UBD.CO.BSD-I.No.D-34/12.22.035/2013-14 અનુસાર ધી સીકેપી કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, મુંબઈ, મહારાષ્ટ્રને તા. 2 મે 2014 ના રોજ કારોબારની સમાપ્તિથી અમલમાં દિશાનિર્દેશો હેઠળ મુકવામાં આવી હતી. નિર્દેશોની માન્યતા અનુગામી આદેશો, છેલ્લે તા. 27 મી જાન્યુઆરી, 2017 ના આદેશ DCBR.CO.AID.No.D-27/12.22.035/2016-17 દ્વારા, સમય-સમય પર વધારી દેવામાં આવી હતી અને આ નિર્દેશો 31 જુલાઈ 2017 સુધી સમીક્ષાધીન, માન્ય રહ્યા હતા.

૨. આથી સામાન્ય જનતા ની જાણકારી માટે જણાવવામાં આવે છે કે ભારતીય રિઝર્વ બેંક દ્વારા , બેંકિંગ રેગ્યુલેશન એક્ટ 1949 ની કલમ ૫૬ સાથે સાથે કલમ ૩૫ –A ની પેટા –કલમ (1) હેઠળ પ્રદત્ત અધિકારના અમલથી , ઉપરોક્ત બેન્કને તારીખ ૩૦ એપ્રિલ ૨૦૧૪નાં આદેશ સં.UBD.CO.BSD-I. No.D-34/12.22.035/2013-14 મુજબઅને સમય સમય પર સંશોધિત આદેશો દ્વારા આપવામાં આવેલ નિર્દેશો કે જે છેલ્લે ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ, તે ઉપરોક્ત બેન્કને, ૨૬ જુલાઈ ૨૦૧૭નાં સમીક્ષાધીન આદેશ DCBR.CO.AID.No.-D-04/12.22.035/2017-18 મુજબ ૧ ઓગસ્ટ ૨૦૧૭ થી ૩૦ નવેંબર ૨૦૧૭, બીજા ચાર મહિના, સુધી લાગુ પડશે.

3. ઉપરોક્ત સમય મર્યાદામાં વધારો સૂચિત કરતી તા. 26 જુલાઈ 2017 ના નિર્દેશની એક નકલ જાહેર જનતાના અવલોકન માટે બેંકના પરિસરમાં દર્શાવવામાં આવેલ છે.

૪. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા લાદવામાં આવેલ ઉપરોક્ત વિસ્તરણ અને / અથવા સુધારાનું આપમેળે એવું અર્થઘટન ન થવું જોઈએ કે બેન્કની નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર સુધારણાથી ભારતીય રિઝર્વ બેન્ક સંતુષ્ટ છે.

**અજિત પ્રસાદ**
મદદનીશ સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2017-2018 / 296**